આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

સ્ત્રી-પુરૂષની સહભાગી, સહધર્મચારિણી, ગૃહલક્ષ્મી તથા પુરૂષને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા છે
- ડો. રાધાકૃષ્ણન

વર્ષ : (૨૭) અંક નં. ૨૮ | ૮ એપ્રિલ ૨૦૧૨, રવિવાર, ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લામાં આગામી સપ્તાહે ચાર ગરીબ કલ્યાણ મેળા યોજાશે

## ૧૨મી એપ્રિલે ગાંધીનગર, ૧૩મીએ માણસા, ૧૪મીએ દહેગામ અને ૧૯મીએ કલોલ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૧૨, ૧૩, ૧૪ એપ્રિલ અને ૧૯ એપ્રિલના રોજ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨ના ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લઈ આજે સમય-પત્રક જારી કરવામાં આવ્યું છે જેમાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં ગરીબ કલ્યાણ મેળાઓ ૧૨ થી ૧૯ એપ્રિલ દરમ્યાન યોજવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૨મી એપ્રિલના રોજ ગાંધીનગર તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો પ્રેક્ષાભારતી કોબા ખાતે યોજવા માટેનું આયોજન આજે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

ચૂંટણીની આચાર સંહિતાના અમલમાંથી થોડોક હાસકારો અનુભવી રહેલુ તંત્ર હજુ પંચાયતોની ચૂંટણીમાં વ્યસ્ત છે. આમ છતાં સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાના આયોજનની જાહેરાત થતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

૧૫મી એપ્રિલે પંચાયતોની ચૂંટણીનું મતદાન છે અને તેની તૈયારીમાં તંત્ર પડ્યું છે તો બીજી તરફ હવે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવાનુ થતાં તંત્રએ તેના કર્મચારીઓને આ માટે કામે લગાડી દીધાં છે.

મળતી વિગતો પ્રમાણે ૧૨મી એપ્રિલે ગાંધીનગર, ૧૩ એપ્રિલે માણસા, ૧૪મી એપ્રિલે દહેગામ તથા ૧૯ એપ્રિલે કલોલ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળાની તારીખો આપવામાં આવી છે. આ ગરીબ કલ્યાણ મેળાની સાથે નગરપાલિકા વિસ્તારોને પણ સાંકળી લેવા માટેની સૂચનાઓ સરકાર દ્વારા આપવામાં આવી છે. જો કે ક અને ડ વર્ગની નગરપાલિકાઓ જ સાંકળવામાં આવશે.

ગરીબ કલ્યાણ મેળાના ત્રણ તબક્કા પૂર્ણ થઈ ગયા છે. આ વખતે

● અનુસંધાન પાન-૭ પર




# મનપાના ડેપ્યુટી મેયરની ચૂંટણી ૧૮મીએ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા ડેપ્યુટી મેયરની ચૂંટણી આગામી ૧૮મી એપ્રિલના રોજ યોજવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા અંગે જારી કરાયેલા એજન્ડામાં નવા ડેપ્યુટી મેયરની ચૂંટણી અંગેની જાહેરાત કરવામાં આવી છે.

ડેપ્યુટી મેયરની મુદત એક વર્ષની હોય છે. જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈને ધ્યાને રાખી હવે ૧૮મી એપ્રિલે મળનારી સામાન્ય સભામાં આ અંગેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષે હાલના ડે. મેયર શ્રી યુસુફ પરમારને તેમના હોદ્દા પર ચાલુ રાખવાનો નિર્ણય અગાઉ જ જાહેર કરી દીધો છે. જયારે મેયર અને ડે. મેયરની ચૂંટણી જાહેર થઈ હતી તે વેળાએ જ પક્ષના પ્રભારી શ્રી નરહરિ અમીને પક્ષની નીતિ અંગે સ્પષ્ટાઓ કરતાં જણાવ્યું હતું કે તમામ હોદ્દેદારો બે વર્ષ માટે રહેશે.

આમ ૧૮ એપ્રિલે ઔપચારિક પ્રક્રિયા ચૂંટણીની પૂર્ણ કરવામાં આવશે. આ જ દિવસે સ્ટેન્ડીંગ કમિટીની ખાલી પડેલી છ બેઠકો માટેની પણ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ કોર્પોરેશનના એજન્ડામાં દર્શાવવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ફક્ત ગાંધીનગર જીલ્લા માટે

પ્રથમ ૫૧ ગ્રાહકો માટેજ

35%
Flat Discount
મેન્યુફેકચરર થી ઓફર (લેધર)

૨ લિટર પેટ્રોલ ફ્રી +
ફીટીંગ ચાર્જ ફ્રી



| | | Net Rs. |
|---|---|---|
| Car-Alto, K-10, Wagon-R, Zen Estilo, Spark, Eco-5, Indica, Eon, New Santro, Santro, Old Zen A-star, I-10, Nano | ~~4200~~ | 2730 |
| New Swift, Getz, I-20, U-va, Vista, Ritz, Palio, Polo, Micara, Beat | ~~4500~~ | 2925 |
| New Swift Dzire, Esteem, Logan, Verito, Eeco-7, Icon, Indigo, Van, Jazz, Manza, Punto, Febia, Liva, Pulse(Ranolt) | ~~4950~~ | 3200 |
| New Honda City, Sunny, Fiesta, Etios, Verna, Optra, Corolla, Sx4, Vento, Cruiz | ~~5950~~ | 3860 |
| Tavera, Scorpio, Innova, Qualis, Sumo Grandi, Xylo, Bolero-7, Versha, Ariya, XUV-500 | ~~6900~~ | 4485 |
| Skoda Lora, Repit, Zeta, Ranold | ~~8500~~ | 5525 |

સ્પે. હેવી કવોલીટીના સીટ કવર ઓર્ડર પર બનાવી આપીશુ.

રવિ-સોમ સમયઃ સવારે ૧૦ થી ૭.૩૦

૯૦૫/૪, સેકટર ૨૮, જી.આઈ.ડી.સી. ડી.એસ.પી. ઓફિસની સામે, પંજાબ હોન્ડાઈના શો-રૂમની પાછળ, ગાંધીનગર

M : 9099166777

સીટ કવર બનાવતા સિલાઈ કારીગરો જોઈએ છે પગાર : ૧૨૦૦૦

